હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



અલ્યા, કશું નથી થયું... આણે બૂસ્ટર ડોઝ લઈ લીધો લાગે છે...

આજકાલ વાતાવરણમાં વારંવાર પરિવર્તન જોવા મળી રહ્યું છે, ક્યારેક ઠંડી વધી જાય છે તો ક્યારેક પવન સુસવાટા સાથે વાય છે. વળી તાજેતરમાં તો કમોસમી વરસાદે પણ સમગ્ર વાતાવરણ તરબોળ કરી મુક્યું હતું. આ સ્થિતિમાં ગાંધીનગરના વાવોલ-ઉવારસદ પંથકમાં ચાલતા ઈંટોના ભઠ્ઠા પર પકાવ્યાં પહેલાંની તૈયાર કાચી ઈંટો પર જો વરસાદ પડે તો બધી જ મહેનત ફરીથી કરવાની થાય એટલે કાચી ઈંટોને પ્લાસ્ટિકના આવરણથી ઢાંકીને માવઠાંથી બચાવવાની કોશિષ કરાઈ રહી છે.

ખૂણેખાંચરેથી

- પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ વરાયા બાદ આજે જગદીશ ઠાકોર વિધિવત્ ચાર્જ સંભાળશે ત્યારે જિલ્લાના ૩ હજારથી વધુ કાર્યકરો તેના સાક્ષી બનશે.
- વિસનગરા નાગર ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગરના ટ્રસ્ટીઓ આજે વડનગર હાટકેશ્વરના દર્શનાર્થે ગયા હતા.
- આમ આદમી પાર્ટીએ ગાંધીનગર શહેર યુથ વીંગની રચના જાહેર કરી છે.
- ભારત સરકારના આરોગ્ય મંત્રાલયની ટીમ ક્વોટી એસ્યોરન્સની તપાસ માટે ગાંધીનગર તાલુકાના રૂપાલ પ્રા.આ. કેન્દ્રની મુલાકાત લેશે.
- આજે રવિવારની રજા અને લગ્નસરાની સિઝનને કારણે વેક્સિનેશન અભિયાનમાં શહેર-જિલ્લામાં ૧૫૦૦થી વધુ લોકોને આવરી લેવાયા હતા.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ આજે નોંધાયો નથી.
- જિલ્લાના બદલાતા વાતાવરણને પગલે વાઈરલ ફીવરના કેસો વધી રહ્યા છે. શરદી-ખાંસીના કેસોમાં પણ વધારો જોવા મળ્યો છે.
- ગાંધીનગર શહેરમાં પાણી અને ગટરની સમસ્યાને લઈ આ સપ્તાહમાં આ વિભાગના અધિકારીઓ સાથે ખાસ બેઠક યોજાશે તેમ જાણવા મળેલ છે.

મા-બાપે દિકરીને કન્યાદાનમાં સંસ્કાર અને જ્ઞાન સ્વરૂપે શ્રીમદ્ ભાગવત ગીતાની ભેટ આપી

શિવભક્ત કન્યાએ પણ પહેલાં શિવ સ્તોત્રમ સ્તુતિ ગાઈને પછી માંડવામાં પગ મુક્યો હતો

ગાંધીનગર તા.૦૫

ચારે તરફ લગ્નસરાની મૌસમ પૂરબહારમાં ખીલી છે.

લગ્ન પ્રસંગમાં જો કોઈ સૌથી હૃદયસ્પર્શી અને અત્યંત મહત્વનો પ્રસંગ હોય તો તે કન્યાના મા-બાપ દ્વારા કરવામાં આવતું કન્યાદાન છે અને જ્યારે મા-બાપ પોતાના કાળજાના ટુકડાં સમી દિકરીનું કન્યાદાન કરી રહ્યાં હોય છે ત્યારે એક તરફ તેમના મનમાં પોતાની દિકરી પારકી થઈ રહી હોવાનો અહેસાસ હોય છે તો બીજી તરફ દિકરીના સુખમય ભાવિ માટે હૃદયના ઉંડાણમાંથી આશિર્વાદની હેલી ઉમટી રહી હોય છે. આ સમયે મા-બાપ દિકરીને અનેક શુભાશિષ સાથે કોઈ ભેટ આપતાં હોય છે. સામાન્ય રીતે આ ભેટમાં સોનાનું ઘરેણું કેવી કોઈ કીમતી ચીજવસ્તુ આપવાનું ચલણ જોવા મળે છે પરંતુ ગાંધીનગરના એક મા બાપે દિકરીને કન્યાદાનમાં સંસ્કાર અને જ્ઞાન સ્વરૂપે શ્રીમદ્ ભાગવત ગીતાની ભેટ આપીને વેવાઈ પક્ષ સહિત સૌને અચંબિત કરી દીધા હતા.

ઘણી ધાર્મિક કથાઓમાં કથાકારો દ્વારા કરવામાં આવતું હોય છે કે દીકરીને કન્યાદાનમાં જો કોઈ ભેટ આપવી હોય તો ઉત્તમ સંસ્કારોની તથા સદવાંચનની ભેટ આપજો જેથી તે પોતાના પિયર સાથે પોતાનું સાસરું પણ ઉજાળી શકે. તાજેતરમાં ગાંધીનગરના કુડાસણ ખાતે રહેતા મનોજ રામશંકર પંડયા તથા તેમના ધર્મપત્ની નિપાબેન પંડયાની દિકરી વિધીના લગ્ન તા. ૨૯મી નવેમ્બરે યોજાયાં હતાં. આ લગ્નપ્રસંગમાં માંડવે ઉપસ્થિત સાજન-માજનની હાજરીમાં તેમણે દિકરી વિધી અને જમાઈ સાર્થકકુમારના હસ્તમેળાપ પ્રસંગે કન્યાદાન કરતાં શ્રીમદ્ ભાગવત ગીતાની ભેટ આપી હતી. આ પ્રસંગે મંડપમાં ઉપસ્થિત તમામ મહેમાનો તથા વેવાઈપક્ષ પણ અચંબિત થયો હતો અને સૌ કોઈએ આ ઘટનાને હર્ષોલ્લાસ સાથે વધાવી લીધી હતી. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે સોમવારના દિવસે લગ્ન હોવાથી શિવભક્ત કન્યા કુ.વિધીએ માંડવામાં પગ મૂકતાં પહેલાં માઈકમાં શિવ સ્તોત્રમ સ્તુતિ ગાઈને સૌને આશ્ચર્યચકિત કર્યા હતા.

ફલેટમાંથી કુતરાઓને ખદેડવાનું કહેતા નાગરીકોને સમજાવવા આવેલા મહિલા-યુવકને માર પડ્યો

ગાંધીનગર, તા.૫

ન્યું સરગાસણ વિસ્તારમાં આવેલી પ્રમુખ ઓસીસ સોસાયટીના રહીશો કુતરાઓથી કંટાળી ગયા હતા. સોસાયટીના રહીશોના કહેવાથી સિક્યુરીટી ગાર્ડે કુતરાઓને હાંકી કાઢ્યા હતા.આ વાતની જાણ થતા પીપલ ફોર એનિમલ સંસ્થાના આગેવાન મહિલા સ્થળ પર પહોંચી ગયા હતા. સંસ્થાના મહિલા અગ્રણીએ પ્રારંભિક તબક્કામાં ફલેટના રહીશોને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ ફલેટના કેટલાક નાગરીકો કુતરાઓને રાખવાની ચોખ્ખી ના પાડી હતી. જેથી એનીમલ સંસ્થાના મહિલાએ પોલીસ બોલાવી હતી. જેથી ફલેટના ઉશ્કેરાયેલા રહીશોએ બોલાચાલી કરીને મહિલાને ઢસડીને લઈ જઈ માર માર્યો હતો, તો બીજીતરફ મહિલા સાથે આવેલા યુવકને પણ માથાના ભાગે ઈજા થતા ટાંકા લેવા પડ્યા હતા.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં રખડતા કુતરાઓનો આતંક તો છે. હાલના સમયે ચાલતા જતા વ્યકિતને બચકા ભરી લે છે. ત્યારે ન્યું સરગાસણ વિસ્તારમાં આવેલ પ્રમુખ ઓસીસમાં પણ કુતરાઓના ત્રાસથી રહીશો હેરાન પરેશાન થઈ ગયા હતા. જેથી સોસાયટીના ચેરમેન દ્વારા સિકયુરીટી ગાર્ડને કુતરાઓને સાંજના ૬ વાગ્યા સુધીમાં સોસાયટીની બહાર ખદેડી દેવા નહી તો ઝેર આપી દઈશુ. બનાવની જાણ અમદાવાદ ખાતે કાર્યરત પીપલ ફોર એનીમલ સંસ્થાના મહિલા આગેવાન અનુરાધા સિંઘવીને થઈ હતી. જેથી અનુરાધા બેન કુતરાઓનુ ઉપરાણુ લઈને સોસાયટીના ચેરમેને અને નાગરીકોને સમજાવવા માટે ગયા હતા. તે સમયે ચેરમેન સાથે કુતરાઓને નહી કાઢવા માટે વાતચીતનો દૌર ચાલુ હતો. તે સમયે સોસાયટીના પંદરેક વસાહતીઓ એકઠા થઈ ગયા હતા. જયારે બે-ત્રણ મહિલાઓએ કુતરાઓને સોસાયટીમાં રાખવાની ચોખ્ખી ના પાડી હતી. જયારે અનુરાધા બહેને પોલીસે કંન્ટ્રોલમાં ફોન કરીને સમગ્ર બનાવની જાણ કરી હતી. જેથી મામલો બિચકતા અનુરાધા બેનને ગમે તેમ બોલીને હાથ-પકડાથી પકડીને ટીંગાટોળી કરીને તેમને રૂમની અંદર પુરવા માટે લઈ ગયા હતા.તે ઉપરાંત ચોરીના ગુનામાં પોલીસ ફરિયાદ કરવાની ધમકીઓ આપવા લાગ્યા હતા. જો કે સોસાયટીના રહીશો અને તેમની સાથે આવેલા જેનીશભાઈને ઈજાઓ થઈ હતી. બાદમાં સોસાયટીમાંથી રખડતા કુતરા દુર કરવાની અને રાખવાની માથાકુટ અડાલજ પોલીસ મથકેમાં પહોંચી છે. જેને પગલે અનુરાધા બેનની ફરીયાદના પગલે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

સાદરા સંકુલ સરદાર ઉપાસના મંદિરમાં ગાંધી ગીતોનો કાર્યક્રમ યોજાયો

આઝાદીના અમૃત મહોત્સવ ઉજવણીએ ગૂજરાત વિદ્યાપીઠના સાદરા સંકુલના સરદાર ઉપાસના મંદિરમાં ગાંધી ગીતો અને ગાંધી જીવન જીવવાની પદ્ધતિઓને યાદ કરાવતો વાર્તાલાપ યોજાયો. ગાંધી વિચારોને જીવનમાં ઉતાર્યા છે તેવા રમેશચંદ્ર શર્માજીએ વાર્તાલાપ કરતાં આજના યુવક-યુવતીઓને સાચી દિશાની સભાનતા કરાવતા પ્રેરક પ્રસંગોને આવરી લીધા હતા જેવા કે આરોગ્યની ચાવી, નિરામય જીવન જીવતાં શીખો, ગાંધી સાહિત્યનું વાંચન કરો, વ્યર્થ વિચાર છોડો લોકશાહીને બચાવો, સહજતા-સરળતા-સાદગી અને સત્ય દ્વારા ગાંધીજીએ સ્વતંત્રતા સંગ્રામને પ્રેરણા આપી સ્વતંત્રતા મેળવ્યાના પ્રસંગો દ્વારા યુવક-યુવતીઓને આઝાદીની યાદ અપાવી હતી.

તારી હાક સૂનીને કોઈ ના આવે તો એકલો જાને, એકલો જાને, અકલો જાને રે, ગીત ગૂંજન જગદીશ પરીખની સંગીત ટૂકડીએ કર્યુ. સંયોજક પ્રા. રમેશભાઈ પટેલે આઝાદીના પ્રસંગો ટાંકી અનોખી ઢબે સભા સંચાલન વિદ્યાર્થીની દિશા પ્રજાપતિએ કર્યુ હતુ. અંતે જય જગત-જય જગત-જય જગતના નારા સાથે કાર્યક્રમ પુરો કરાયો. વક્તાનો વિગતે પરિચય આપ્યો. હિન્દી વિષય અધ્યાપક ડૉ. ગેલજી ભાટીયાએ આભારદર્શન કર્યુ.

સિવિલના વિજપોલ બંધ રહેતા અંધારપટ

ગાંધીનગર,તા.૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના માર્ગ પરના મોટાભાગના વિજપોલ બંધ હોવાથી કેમ્પસમાં સાંજ ઢળતા જ અંધારપટ છવાઈ જાય છે. કેમ્પસમાં અંધારાનો લાભ ચોર શખ્સો ઉઠાવી રહ્યા છે. જયારે કેમ્પસમાં અંધકાર રહેતો હોવાથી રાત્રીના સમયે અસામાજીક પ્રવૃતિઓ પણ ફુલીફાલી રહી છે. ત્યારે સિવિલ કેમ્પસમાં વિજપોલની લાઈટો તાત્કાલીક ધોરણે શરુ થાય તેવી નગરજનોની લાગણી અને માંગણી છે.

મેડીકલ કોલેજ સંચાલિત ૬૦૦ બેડની હોસ્પિટલ અને ઓપીડી બિલ્ડીંગ સહિત જુની બિલ્ડીંગ લાઈટોથી ઝળહળે છે. પરંતુ તેની આસપાસના માર્ગો પર અંધારપટ જોવા મળી રહે છે. કેમ્પસમાં લાઈટની વ્યવસ્થા માટે પીઆઈયુ વિભાગનુ અલાયદુ તંત્ર છે. પરંતુ સિવિલના માર્ગો પર છેલ્લા કેટલાક સમયથી લાઈટો નથી. જેથી શિયાળાના સમયમાં સાંજ ઢળતા જ અંધકાર છવાઈ જાય છે. ત્યારે કેમ્પસમાં પાર્કીંગમાં પણ અંધકાર હોવાથી વાહનચોર સરળતાથી વાહન લઈ રફુચક્કર થઈ જતા હોવાનું લાગી રહ્યું છે. ત્યારે સિવિલ કેમ્પસમાં ઝડપી અજવાળુ પથરાય તેની નગરજનો રાહ જોઈ રહ્યા છે.

વરસાદની સિઝન પૂર્ણ થયા બાદ રસ્તાઓનું પેવરીંગ કામ પૂરજોશમાં ચાલી રહ્યુ છે. શહેરના વિવિધ માર્ગોને તબક્કાવાર રીપેર કરવામાં આવી રહ્યા છે. સરગાસણ બ્રીજ નીચે હાલમાં રોડ બનાવવાનું કામ ચાલી રહ્યુ હોવાથી ટ્રાફિકની સમસ્યા સર્જાઈ છે.

શનિવારે કલોલ ખાતે યોજાયેલ ભારતીય જનતા પાર્ટીની તાલુકા સમિતિની બેઠકમાં કલોલ તાલુકા સંગઠનના ઉપપ્રમુખ પદે ગાંધીનગર જિલ્લાના મુલસાણા ગામના રમણજી ભીખાજી ઠાકોરની વરણી કરવામાં આવી છે. તેમની વરણીને ગાંધીનગરના ટીંટોડા ગામના ઠાકોર યુવા અગ્રણી શૈલેન્દ્રજી ઠાકોર સહિત યુવાનો દ્વારા વધાવી લેવામાં આવી હતી.

લુંટના ગુનામાં નાસતા ફરતા આરોપીને એલસીબી-૨ એ ઝડપી પાડ્યો

માણસા પોલીસ મથકના લુંટના ગુનામાં નાસતા-ફરતા આરોપીને એલસીબી-૨ પોલીસે આણંદમાંથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર રેન્જ આઈજીપી અભય ચુડાસમા અને ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા લાંબા સમયથી ધરપકડ ટાળવા નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા માટે સુચના આપી હતી. જે અન્વયે એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ એસ.પી.જાડેજા અને પી.ડી.વાઘેલા સહિત સ્ટાફના જવાનો તે દિશામાં કાર્યરત હતા. તે સમયે એએસઆઈ દિલિપસિંહ બળદેવજી અને હે.કો. મહિપાલસિંહ પ્રવિણસિંહને સંયુકત બાતમી મળી હતી કે પેસેન્જર તરીકે ઈકોમાં બેસાડી ધાક ધમકી આપી પૈસા તેમજ દાગીના લુંટી લેનાર અને લુંટના ગુનામાં નાસતો ફરતો આરોપી જેનુલઆબેદ્દીન વજુદ્દીન પઠાણ (રહે.કંસારા ફળીયું,પેથાપુર તા.જી.ગાંધીનગર) હાલ દિવાન બેકરી કસાઈવાડો નુરાની મસ્જીદ પાસે આણંદ ખાતે પોતાના

સંબંધીના ઘરે ગુનામાં વાપરેલી ઈકો ગાડી ચલાવે છે. જેને પગલે એલસીબી-૨ પોલીસે દિવાન બેકરી, કસાઈવાડો,નુરાની મસ્જીદ પાસે આણંદ ખાતેથી પકડી પાડી ગાંધીનગર કચેરી ખાતે લાવી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી કરી માણસા પોલીસ મથકે સોંપવામાં આવેલ છે. ઉલ્લેખયની છે કે આરોપી જેનુલઆબેદ્દીન વજુદ્દીન પઠાણ અને તેના સાગરીતોએ ઈકો ગાડી નં. જી.જે.૧૮.બી.એ.-૦૨૩૭ માં પિલવાઈ ખાતે લુંટના ઈરાદે આયોજન ઘડી કાવતરુ રચી એક બહેનને ઈકોમાં મુસાફર તરીકે બેસાડી ધાકધમકી આપી તેમની પાસેથી રોકડ રૂપીયા અને દાગીનાની લુંટ કરી ગુના આચર્યો હતો. માણસા પોલીસ મથકે ગુનો નોંધાતા આરોપી પોતાની ધરપકડ ટાળવા માટે નાસતો ફરતો હોવાનું જણાવ્યું હતું.

જમાઈએ પત્નિ સહિત સાસુ-સસરાને મોં પર મુક્કા મારતા ફરીયાદ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે નવ વિકસિત એરીયા પીડીપીયુ માર્ગ પર આવેલા ફલેટમાં રહેતી પરિણીતાએ પતિ, સાસુ-સસરા અને નણંદ સામે શારીરીક-માનસિક ત્રાસની ફરીયાદ નોંધાવી છે.

પીડીપીયુ માર્ગ પર આવેલી યુનિવર્સિટીમાં ટીચીંગ એન્ડી રીસર્ચ એસોસીએટ તરીકે નોકરી કરતી યુવતિએ નમન ત્રિપાઠી સાથે લગ્ન જુન-૨૦૧૯માં તેમની જ્ઞાતિના રીત રીવાજ મુજબ લખનઉ ખાતે થયા હતા.લગ્ન બાદ હનીમુન માટે પતિ-પત્નિ યુરોપ ગયા હતા. તે સમયે પણ નમન ત્રિપાઠી નાની વાતોમાં મોબાઈલ છીનવી લઈને ઉશ્કેરાઈ જતો હતો. ત્યારબાદ પરિણિતા યુકે માં ઉચ્ચ અભ્યાસ માટે ગઈ હોવાથી પતિ તેને નોકરી કરવા અને તેને ડીપેન્ડન્ટ તરીકે લઈ જવા માટે સતત કહેતો હતો. જયારે પરિણિતા કોરાના સમયમાં પરત આવી ગઈ હોવાથી તે નાની બાબતોમાં ઝઘડા કરતો હતો.યુવતિના દાવા પ્રમાણે પરિણિતાએ પતિને પ્રેગન્ટ હોવાના સમાચાર આપતા પતિએ બાળકને પડાવી દેવા કહ્યું હતું. પતિએ બાળક નહી પડાવે તો બંન્ને મારી નાંખવાની ધમકી આપી હતી. સાસુ સસરાને વાત કરતા તેઓએ પણ દિકરાનો સાથ આપ્યો હતો. પરિણિતા ગર્ભવતી હોવા છતા તેને વધુ વજન ઉંચકવા પડે તેવા કામ બતાવતા હતા. ત્યારે પણ પતિએ વાળ પકડીને પરિણિતાને માર માર્યો હતો. પરિણિતાને તેના નણંદના ઘરે લઈ જવાયા હતા. જયાં તેણીનુ ખાવાપીવાનું બંધ કરવામાં આવ્યું હતું. ત્યારે પરિણિતાને નોકરી મળી ગઈ હોવાથી તે ગાંધીનગર રહેવા માટે આવી ગઈ હતી. પતિના વધુ પડતા ત્રાસથી કંટાળીને પરિણિતાએ તેના પિતાને છુટાછેડા માટે વાત કરી હતી. જેથી પરિણિતાના પિતાએ જમાઈ સાથે વાત કરી હતી. જેથી પરિણિતાનો પતિ અને સાસુ ગાંધીનગર આવ્યા હતા. જયારે ઘરે પરિણિતા પર પતિ એ હુમલો કર્યો હતો. જેથી યુવતિને બચાવવા માટે વચ્ચે પડેલા તેના માતા-પિતા પર પણ જમાઈએ મુક્કા માર્યા હતા. ત્યારબાદ સમગ્ર પ્રકરણ અંગે પરિણિતાએ ઈન્ફોસીટી પોલીસ મથકે પતિ, સાસુ-સસરા અને નણંદ સામે શારીરીક માનસિક ત્રાસની ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

કોરોનાના નિયમોનો ભંગ કરનારા એક લાખથી વધુ લોકોની અત્યાર સુધી ધરપકડ

અમદાવાદ, તા.૫

કોરોનાના નવા વેરિયન્ટ ઓમિક્રોને અત્યારે દુનિયાભરમાં હાહાકાર મચાવ્યો છે. આ વેરિયન્ટ વધારે પ્રમાણમાં ફેલાય નહીં તે માટે તમામ સરકારો પ્રયત્ન કરી રહી છે. આ સ્થિતિ દરમિયાન અમદાવાદથી એક ચિંતાજનક આંકડો સામે આવ્યો છે. આંકડાઓ દ્વારા જાણવા મળ્યું છે કે કોરોના મહામારીની શરુઆત થઈ છે ત્યારથી લઈને અત્યાર સુધી ગાઈડલાઈનનો ભંગ કરવા બદલ ધરપરડ કરવામાં આવેલા લોકની સંખ્યા એક લાખ થઈ ગઈ છે.

અમદાવાદ શહેરના પોલીસ વિભાગ દ્વારા પ્રાપ્ત જાણકારી અનુસાર, કોરોનાના નિયમોનો ભંગ કરવા બદલ ૧,૦૦,૦૯૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ લોકોને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન ન કરવું, માસ્ક ન પહેરવા, કર્ફ્યુના કલાકો દરમિયાન બહાર ફરવું, લોકડાઉનના સમયે બહાર નીકળવું વગેરે પ્રવૃત્તિઓને કારણે સજા કરવામાં આવી છે. આ આંકડો ૨૪ જૂન, ૨૦૨૦થી ૩ ડિસેમ્બર, ૨૦૨૧ સુધીનો છે. આંકડા પરથી કહી શકાય કે કોરોના મહામારીની શરુઆત થઈ છે ત્યારથી લઈને અત્યાર સુધી દરરોજ સરેરાશ ૧૯૧ લોકોની ધરપકડ થઈ છે.

એક પોલીસ અધિકારી જણાવે છે કે, અમે કોરોનાના નિયમોનો ભંગ કરવા બદલ ૯૧,૦૩૧ કેસ દાખલ કર્યા છે, જેમાં સરકારી આદેશોની અવગણના કરવી, જાણીજોઈને અથવા અજાણ્યામાં સંક્રમણ ફેલાવવું, ગેરકાયદેસર રીતે એકત્રિત થવું વગેરેને સમાવેશ થાય છે. અમુક કેસ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ અંતર્ગત દાખલ કરવામાં આવ્યા છે. ટુંકમાં કોરોનાના નિયમોનો ભંગ કરવા બદલ ઓછામાં ઓછા એક લાખ લોકોની ધરપકડ કરવામાં આવી છે. અધિકારીએ વધુમાં જણાવ્યું કે, મોટાભાગના લોકોની ધરપકડ કર્ફ્યુનું ઉલ્લંઘન કરવા બદલ અથવા સોશિયલ-ડિસ્ટન્સિંગના નિયમોનો ભંગ કરવા બદલ કરવામાં આવી છે.

રાજ્યમાં કોરોનાના નવા ૪૮ કેસ

ગાંધીનગર, તા.૫

રાજ્યમાં કોરોનાના ૪૮ નવા કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૨૪ દર્દીઓ સાજા પણ થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૭,૨૬૩ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ ૯૮.૭૪ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ સરકાર રસીકરણના મોરચે પણ મજબુતીથી લડી રહ્યા છે. રાજ્યમાં આજે ૧,૩૯,૫૮૯ રસીના ડોઝ અપાયા હતા. જો કે કોરોનાના સતત વધી રહેલા આંકડાથી સરકાર પણ ચિંતિત છે. આ ઉપરાંત કોરોનાના એમિક્રોન વેરિયન્ટનાં સતત વધી રહેલા આંકડાઓ પણ સરકાર માટે ચિંતાનો વિષય છે. જો રાજ્યનાં એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં આજે ૩૪૯ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૭ નાગરિકો વેન્ટિલેટર પર છે. ૩૪૨ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં ૮,૧૭,૨૬૩ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. ૧૦૦૯૫ નાગરિકોના અત્યાર સુધી કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. આ ઉપરાંત સુરતમાં ૧ નાગરિકનું આજે મોત થયું છે. અમદાવાદ કોર્પોરેશનમાં ૧૭, સુરત કોર્પોરેશનમાં ૮, વડોદરા કોર્પોરેશન ૭, ભાવનગર કોર્પોરેશન ૪, જામનગર કોર્પોરેશન ૨, આણંદ, ભરૂચ, ખેડા, કચ્છ, નવસારી, રાજકોટ કોર્પોરેશન, સુરત, સુરેન્દ્રનગર, તાપી અને વલસાડમાં ૧-૧ કેસ સામે આવ્યા છે.

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના હોદ્દેદારોની વરણી

અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘની તાજેતરમાં યોજાયેલી બેઠકમાં નક્કી થયા મુજબ ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના કાર્યકારી પ્રમુખ તરીકે દિગ્વિજયસિંહ જાડેજાની નિમણૂંક કરવામાં આવી છે. અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘના નવા વરાયેલા હોદ્દેદારોની યોજાયેલી મીટીંગમાં પ્રાથમિક શિક્ષકોને લગતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી તથા જુની પેન્શન યોજના ચાલુ કરવાની માંગ સાથે દરેક રાજ્યોમાં કાર્યક્રમો યોજવાની જાહેરાત કરવામાં આવી.

એક્શન કમિટી દ્વારા નક્કી કરાયેલા એજન્ડા મુજબ આગામી તા. ૧૦થી ૧૫ ડિસેમ્બર દરમ્યાન તાલુકાકક્ષાએ ધરણા યોજાશે અને આવેદનપત્ર તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી મારફત મુખ્યમંત્રી અને વડાપ્રધાનને પહોંચડાવમાં આવશે. ત્યારબાદ ૨૭મી ડિસેમ્બરથી જિલ્લાકક્ષાએ ધરણાં યોજાશે.

આ ઉપરાંત ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, મણીપુર, પંજાબ, ગુજરાત, હિમાચલ પ્રદેશ અને ગોવાના હોદ્દેદારો અલગ અલગ રાજકીય પક્ષોના ઉમેદવારો પાસે માંગણીઓ પૂર્ણ કરાવવા પ્રતિજ્ઞાપત્ર મેળવશે. જુની પેન્શન યોજના ચાલુ કરાવવા ઉપરાંત કરાર આધારિત શિક્ષકોને નિયમિત કરવા, સ્વયંસેવી શિક્ષકોની નિમણૂંક, શાળા સંકુલ, આંગણવાડી કાર્યકરોને બદલે પૂર્વ-પ્રાથમિક વર્ગો માટે પ્રશિક્ષિત શિક્ષકો જેવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માંથી શિક્ષક વિરોધી જોગવાઈઓ દૂર કરવામાં આવે તેવી ખાતરી કરવી અને સાતમા પગારપંચની ભલામણોનો અમલ કરવા જેવી બાબતોની ચર્ચા કરવામાં આવી હતી. ગુજરાતના શિક્ષકોના પ્રશ્નો બાબતે ગુ.રા.પ્રા.શિ. સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા દ્વારા પ્રકાશ પાડવામાં આવ્યો હતો.